## ડુંગરીમાં લાખોની ચોરી કરી આઈફોન, જુગારમાં પૈસા ઉડાવ્યા

**રૂ.9 લાખની** ચોરી કેસમાં ગેંગના 2 રીઢા ઝડપાયા



પારડી: વલસાડ અને દક્ષિણ ગુજરાત સહિત આસપાસના કેન્દ્રશાસિત પ્રદેશોમાં બંધ મકાનોને નિશાન બનાવતી રીઢા ચોરોની ટોળકીને પોલીસે ઝડપી પાડી છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ હાલતમાં મોટરસાઇકલ સાથે આંટાફેરા મારતા બે શખ્સ સમીર સલીમભાઈ ડેરૈયા અને આદિલ ઉર્ફે તપેલી મલેક (બંને રહે., ભાવનગર)ને દબોચી લેવામાં આવ્યા છે.

પારડી તાલુકાના ડુંગરી ગામના બેરવાડ ફળિયામાં રહેતા પન્નાબેન જયેશભાઈ પટેલના ઘરમાં સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ સહીત અંદાજે રૂ.9 લાખની ચોરી થઇ હતી. આ ગેંગ રેલવે સ્ટેશનો જેમ કે નવસારી અને વાપી પરથી પહેલાં બાઇક કે સ્કૂટરની ચોરી કરતી હતી અને ત્યારબાદ તેનો ઉપયોગ ઘરફોડ ચોરી કરવા માટે કરતી હતી. આ ચોરીના દાગીના ભાવનગરના એક સોની વેપારી અને દીપકભાઈ ઉર્ફે કાળુ ગોહિલ નામના વચેટીયા મારફતે અંદાજે રૂ.12.50 લાખમાં વેચી દીધા હોવાની કબૂલાત કરી છે.

આરોપીઓએ સ્વીકાર્યું કે, તેઓએ તેમના અન્ય સાથીદારો મનોજ ઉર્ફે ચીમન, અસલમ ઉર્ફે લંગારી અને તોફીક સાથે મળીને નવસારી, વાપી, વલસાડ, દમણ અને સેલવાસ જેવા વિસ્તારોમાં કરોડો/લાખો રૂપિયાની ઘરફોડ ચોરીઓને અંજામ આપ્યો છે. ચોરીના પૈસામાંથી આરોપીઓએ આઇફોન-17 પ્રો ખરીદ્યા હતા તેમજ જુગારમાં પૈસા ઉડાવ્યા હતાં. પકડાયેલા આરોપીઓ અગાઉ પણ દમણ અને સેલવાસ જેલમાં સજા કાપી ચૂક્યા છે. પોલીસે ગેંગના અન્ય ફરાર સાગરીતોને પકડવા માટેની કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે.

## સીસીટીવીમાં દેખાયેલો 'દીપડો' વાસ્તવમાં 'બિલાડી' નીકળી

**વલસાડના** અબ્રામામાં દીપડો દેખાયો હોવાનો વિડીયો વાયરલ થયો હતો, જે વાત અફવા નીકળી




વલસાડ: વલસાડના અબ્રામા વિસ્તારમાં આવેલા રાજનગરમાં છેલ્લા બે દિવસથી સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો હતો. વાયરલ થયેલા એક સીસીટીવી વિડીયોને પગલે સમગ્ર પંથકમાં દીપડો આવ્યો હોવાની દહેશત ફેલાઈ ગઈ હતી. જોકે, વન વિભાગની ત્વરિત તપાસમાં વિડીયોમાં દેખાતું પ્રાણી દીપડો નહીં પણ એક સામાન્ય બિલાડી હોવાનું સામે આવ્યું છે.

વલસાડ અબ્રામાના રાજનગર વિસ્તારમાં આવેલા એક બંગલાના સીસીટીવી કેમેરામાં રાત્રિના સમયે એક પ્રાણી હરતું-ફરતું કેદ થયું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને સ્થાનિકો દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવી હતી. વન વિભાગની ટીમે તાત્કાલિક રાજનગરના એ બંગલાની મુલાકાત લીધી હતી જ્યાં આ વિડીયો શૂટ થયો હતો. વન અધિકારીઓએ સીસીટીવી ફૂટેજનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને આસપાસના વિસ્તારમાં પગમાર્ક પણ તપાસ કરી હતી.

વન વિભાગના અધિકારીના જણાવ્યા અનુસાર, CCTV ફૂટેજની ગુણવત્તા અને રાત્રિના અંધારાના કારણે નાનું પ્રાણી પણ કદમાં મોટું દેખાતું હતું. ઊંડાણપૂર્વકની તપાસ બાદ એ સ્પષ્ટ થયું છે કે તે કોઈ દીપડો નહોતો, પરંતુ એક સામાન્ય મોટી બિલાડી જ હતી. વિસ્તારમાં દીપડો હોવાના કોઈ પુરાવા મળ્યા નથી. વન વિભાગે રહીશોને શાંતિ જાળવવા અને આવા વિડીયોથી ન ગભરાવા અપીલ કરી છે.

## દાદરામાં યુવકની પત્નીના પ્રેમીએ જ હત્યા કરી હતી

**મૃતકની** પત્ની તેમજ તેના પ્રેમીની પોલીસે ધરપકડ કરી દસ દિવસના રિમાન્ડ મેળવ્યા

વાપી: સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના દાદરા ગામમાં દેમણી સ્કૂલ ફળિયામાં રવિવારે મોડી રાત્રે થયેલી ટેમ્પોચાલકની તેના ઘરમાં જ થયેલી ક્રૂર હત્યામાં મૃતકની પત્નીના અન્ય યુવક સાથેના આડા સંબંધો જવાબદાર હોવાનું પોલીસની તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે મૃતકની પત્ની અંકિતા તેમજ તેના પ્રેમી ૨૨ વર્ષના નિકુંજ પટેલની હત્યાના ગુનામાં ધરપકડ કરી દસ દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા.

દાદરા ગામના દેમણી સ્કૂલ ફળિયામા રહેતા ટેમ્પોચાલક ૩૫ વર્ષના પ્રિતેશ પટેલની રવિવારે મોડી રાત્રે તેના ઘરમાં જ કોઈ અજાણ્યાએ તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી નાંખી હતી. મૃતક પ્રિતેશની પત્ની અંકિતા પટેલ આંગણવાડીમા નોકરી કરતી હતી. એમના સંતાનમા એક 12 વર્ષની દીકરી અને એક ત્રણ વર્ષનો દીકરો છે. પરિવારની હાજરીમાં જ પ્રિતેશની હત્યા થઈ હતી. આ હત્યાના બનાવમાં પોલીસની તપાસમાં મૃતક પ્રિતેશની પત્ની અંકિતાના અન્ય યુવક સાથેના પ્રેમ સંબંધો આ હત્યા માટે જવાબદાર હોવાનું બહાર આવ્યું હતું. રાત્રે દોઢ વાગ્યાના અરસામાં પ્રિતેશની પત્ની અંકિતાનો પ્રેમી નિકુંજ બારી દ્વારા ઘરમાં ઘૂસ્યો હતો. સૂતેલા પ્રિતેશ પર ચાકુથી ઘા કરી એની નિર્મમ હત્યા કરી નાંખી હતી. આ બનાવમાં હથિયારથી હત્યા કરવામાં આવી હતી તે હથિયાર પણ કબજે લેવાનું હોય, અન્ય સંડોવણી અંગે તપાસ કરવાની હોવાથી પોલીસે કોર્ટમાં બંને આરોપીના રિમાન્ડ માટે રજૂ કર્યા હતા. બન્ને આરોપીઓને કોર્ટમા રજૂ કરતા સરકારી વકીલ પારુલ રાજપૂતની દલીલોને સાંભળ્યા બાદ સેલવાસ કોર્ટના સિવિલ જજ સિનિયર ડિવિઝન અને મુખ્ય ન્યાયિક મેજીસ્ટ્રેટ જયદેવ વાય. ધૂલેએ બન્ને આરોપીને દસ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવાનો આદેશ કર્યો હતો.

## આડા સંબંધના વહેમમાં બનેવીએ સાળાની હત્યા કરી

**પાડોશી** પણ મારવા ઊતરી પડ્યો, બનેવી-પાડોશીની ધરપકડ

વલસાડ: વલસાડના ધરમપુર ચોકડી વિસ્તારમાં કચરો વિણતા પરિવારના સાળા બનેવીની આડા સંબંધના વહેમમાં હિંસક લડાઈ થઈ હતી. જેમાં બનેવીએ પિતરાઈ સાળાને લાકડાના ફટકા મારી માર માર્યો હતો. બંનેને લડતા જોઈ પડોશી પણ ત્યાં આવ્યો અને સાળાને મારવા લાગ્યો હતો. જેને લઈ સાળાનું મોત થયું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડ ધરમપુર ચોકડી નજીક કચરો વીણી ગુજરાન ચલાવતા પરિવારના ગણેશ વિજય રાજપુતનો તેની પત્ની રીના ઉર્ફે આરતીના મામાના દિકરા વિપુલ નાયકા સાથે ઝઘડો થયો હતો. વિપુલના આડા સંબંધને લઈ બંને વચ્ચે થયેલા ઝઘડામાં ગત રાત્રે ગણેશે તેની સાથે લડાઈ કરી તેને લાકડાના ફટકા મારવાનું શરૂ કર્યું હતું.

તેમની લડાઈથી કંટાળેલા પડોશી વિપુલ હીરાભાઈ વાઘેલા પણ વચ્ચે પડ્યો હતો અને તેણે પણ વિપુલને લાકડાના ફટકા મારતા ગંભીર રીતે ઘાયલ થઈ ગયો હતો. જોકે, પછીથી તેઓ ડરી જતાં તેઓ વિપુલને 108માં સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતાં. ત્યાં સારવાર દરમિયાન વિપુલનું મોત નીપજ્યું હતું. જેના પગલે રીનાએ પોતાના પતિ ગણેશ અને પડોશી વિપુલ વાઘેલા વિરુદ્ધ વલસાડ સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી ગણેશ અને વિપુલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ચણવઈ ઓવરબ્રિજ પર એક સાથે 8 વાહન અથડાતાં કતાર લાગી



વલસાડના પારનેરા ગામ નજીક આવેલા નેશનલ હાઇવે નં. 48 પર ચણવઈ ઓવરબ્રિજ પરથી વાહનો પસાર થઈ રહ્યા હતા, ત્યારે આગળ ચાલી રહેલા એક વાહનચાલકે અચાનક કોઈ કારણસર બ્રેક મારી દીધી હતી. પરિણામે, એક પછી એક એમ કુલ 8 જેટલા વાહનો પાછળથી ધડાકાભેર અથડાઈ પડ્યા હતાં. આ અકસ્માત એટલો જોરદાર હતો કે અકસ્માતમાં ભોગ બનેલા વાહનોમાંથી 4 જેટલા વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે. વાહનોના ફૂરચા બોલી ગયા હોવા છતાં વાહનોમાં સવાર લોકોનો આબાદ બચાવ થયો છે. એકસાથે 8 વાહનો હાઇવેની વચ્ચે જ અકસ્માતગ્રસ્ત થતાં નેશનલ હાઇવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ વલસાડ રૂરલ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત વાહનોને રોડની બાજુ પર હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરી હતી.

## મિત્રએ વાપીની યુવતીના ફોટા બીભત્સ લખાણ સાથે વાયરલ કર્યા

વાપી: વાપીની એક ખાનગી કંપનીમાં કામ કરતી યુવતીને ઉત્તરપ્રદેશના વતની પરવેશ પરમાનંદ પંચાલ સાથે ઓળખાણ થઈ હતી. દરમિયાન બંને સાથેના કેટલાક ફોટોગ્રાફ્સ પણ પાડવામાં આવ્યા હતા. જોકે બાદમાં પરવેશે યુવતીને બદનામ કરવાના ઈરાદે સોશિયલ મીડિયા પર ખોટું આઈડી બનાવી તેમાં બંનેના ફોટા અપલોડ કર્યા હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત પરવેશે યુવતીને વોટ્સએપ મારફતે બિભત્સ અને અપમાનજનક લખાણો મોકલી માનસિક ત્રાસ આપ્યો હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. યુવતીએ સમગ્ર મામલે વાપી ટાઉન પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી જલારામધામ આમધરા દ્વારા ૧૧૨૪ વિદ્યાર્થીને ૫૮૦૦થી વધુ નોટબુકોનું વિતરણ




ઘેજ: વિશ્વ વિખ્યાત ભાગવતાચાર્ય પ.પૂ.શરદભાઈ વ્યાસ (દાદા), ધરમપુર પ્રેરિત શ્રી જલારામધામ નવયુવક મંડળ ટ્રસ્ટ, આમધરા દ્વારા ૧૧૨૪ વિદ્યાર્થીને ૫૮૦૦થી વધુ નોટબુકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં આમધરા, પિપલગભણ, મોગરાવાડી,ક લીયારી, સાદકપોર (ચાડિયા ફળિયા અને દાદરા ફળિયા)ની તમામ પ્રાથમિક શાળાઓના (કુલ-13 શાળા) વિદ્યાર્થીઓ ઉપરાંત ચીખલીના ખૂંધ ગામે સ્થિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝના બાળકો તેમજ આમધરા ગામની બહાર અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પણ લાભ અપાયો હતો. જલારામધામના પ્રમુખ રજનીભાઇના જણાવ્યાનુસાર ગરીબ બાળકોના પરીવાર પર પડતો આર્થિક બોજ ઓછો થાય એ હેતુથી જલારામ ધામની સેવાયજ્ઞ પ્રવૃતિ અંતર્ગત વિનામૂલ્યે નોટબુક વિતરણ કરવામાં આવે છે અને જેને માટે સમકક્ષ વિચાર ધરાવનાર દાતા ટી.સી.પટેલ (યુ.એસ.એ) દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી દાનનો સહયોગ મળતા દાતાનો આભાર વ્યકત કર્યો હતો.

### સોમનાથ મંદિર પરિવાર દ્વારા 19 શાળામાં 7,500 નોટબુકનું વિતરણ




બીલીમોરા: બીલીમોરાના શ્રી સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટે શિક્ષણસેવાનું કાર્ય હાથ ધરી ૧૯ શાળા તેમજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ૭,૫૦૦ નોટબુકનું નિઃશુલ્ક વિતરણ કર્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના ઉપપ્રમુખ દેવચંદભાઈ પટેલે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવવાથી તેમના અભ્યાસમાં પ્રોત્સાહન મળે છે અને તેઓ વધુ આત્મવિશ્વાસ સાથે પોતાના સપનાઓ સાકાર કરી શકે છે. કાર્યક્રમ દરમિયાન સોમનાથ ટ્રસ્ટના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, ઉપપ્રમુખ દેવચંદભાઈ પટેલ, વિનોદભાઈ દેસાઈ, ઓફિસ સ્ટાફના સુરેશ તલાવીયા, કરસન પટેલ, વિવિધ શાળાઓના શિક્ષકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### વાપી આર. કે. દેસાઈ કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઇડ સાયન્સ માટે ગૌરવપૂર્ણ ક્ષણ

વાપી: વાપી આર. કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઇડ સાયન્સમાં અભ્યાસ કરતી બી.સી.એ. સેમેસ્ટર-4 ની વિદ્યાર્થિનીઓ સાક્ષી સિંહ અને નંદિની ગુપ્તાએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા પરિણામમાં 10/10 SGPA પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહ, બી.સી.એ. વિભાગના HOD નેહા પટેલ તેમજ કોલેજના સર્વ અધ્યાપક મંડળે બંને વિદ્યાર્થિનીઓને હાર્દિક અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

### પારડીના પલસાણા ગંગાજી મંદિરે નાણાંમંત્રીની ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાન




પારડી: પારડી તાલુકાના પલસાણા ગામે આવેલ ઐતિહાસિક રામેશ્વર મહાદેવ મંદિર પવિત્ર ગંગાજી તીર્થધામના પરિસરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કેન્દ્રમાં વિકાસશીલ 12 વર્ષ પૂર્ણ થતાં ચાલી રહેલા સ્વચ્છતા અભિયાનની શરૂઆત ગામડાઓમાં કરવામાં આવી છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિ વચ્ચે સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યો હતો અને સંપૂર્ણ પરિસરની સફાઈ કરવામાં આવી હતી. વહેલી સવારના રામેશ્વર મહાદેવ મંદિરમાં જિ.પં. કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ પુનિત પટેલ, તાલુકા મહિલા મંડળના પ્રમુખ ખુશ્બુબેન ટંડેલ, સરપંચ સંઘ પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ, પારડી શહેર ભાજપ પ્રમુખ સાથે તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ, તા.પં. કારોબારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ, ઉપપ્રમુખ હિરેન પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ સાથે વિવિધ ગામના સરપંચો, ભાજપના કાર્યકર્તાઓ, હોદ્દેદારો, ગ્રામજનો એકત્ર હતા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન હેઠળ સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

## 'ત્રીજી પણ દીકરી જ હશે', કહી પરિણીતાને દવા લઈ લેવા દબાણ

**વાપીની** પરિણીતાને પતિ ત્રાસ આપી પિયરથી પૈસા માંગી લાવવા જણાવતો

**પતિ,** સાસુ અને નણંદો સામે પોલીસ ફરિયાદ નોંધાવી

વાપી: વાપીની પરિણીતાને સંતાનમાં બે દિકરી છે અને હાલ તે ફરીથી ગર્ભવતી છે ત્યારે તેના પતિ, સાસુ અને નણંદો દ્વારા ત્રીજી પણ છોકરી હશે કહી તેને દવા લઈ લેવાનું કહેતા હતાં. આ બાબતે પરણિતાએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી નજીકના બલીઠા સ્થિત જીઈબી પાછળ, કબ્રસ્તાન રોડ, શુભ રેસિડન્સીમાં સબા મોહમદ સાદિક ચૌધરી (ઉં.વ.26) રહે છે. તેમના લગ્ન વર્ષ 2021માં થયા હતાં. લગ્નના એક મહિના પછી પતિ મોહમદ સાદિક ચૌધરી, સાસુ રેહતમબાનુ ગફ્ફાર ચૌધરી, નણંદ શબાના ચૌધરી, ગુડિયા નિયાઝ ચૌધરી, રેશ્મા નાઝીમ સલમાની, શારજા ગફ્ફાર ચૌધરી, મુસ્કાન ગફ્ફાર ચૌધરીનાઓ ભેગા મળી જમવાનું સારુ બનાવતી નથી, તને કંઈ આવડતું નથી, સારી રીતે રહેતી નથી કહેતા. પતિ દ્વારા બોલાચાલી કરી ઝઘડો કરી મારઝૂડ કરતો હતો અને ઘરેથી પૈસા માંગી લાવવાનું જણાવતો હતો. લગ્નસમયગાળા દરમિયાન તેઓને સંતાનોમાં બે દિકરીઓ છે. જો કે, પતિ દ્વારા અવાર-નવાર મારઝૂડ કરતો હોય જેથી પરિણીતા તેના પિયર પિતાના ઘરે આવી જતી હતી. હાલ પરિણીત ગર્ભવતી છે. પતિ મોહમદ સાદીક, સાસુ, નણંદો ભેગા મળી હેરાન-પરેશાન કરી કહે છે કે, તારી ત્રીજી પણ છોકરી હશે તેમ કહી પરિણીતાને દવા લઈ લે તેમ કહેતા હતા અને મારવાની ધમકી ઉચ્ચારતા હતા અને બંને છોકરીઓ અમારી સાથે રહેશે તારે પિતાના ઘરે જવું હોય તો જા કહેતા હતા અને ત્યારબાદ પરિણીતાને તેના પિતાના ઘરે પતિ મૂકી ગયો હતો. પરિણીતા સબા ચૌધરીએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં પતિ, સાસુ અને નણંદો સામે ફરિયાદ આપતા પોલીસે દહેજ પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## વાપી કરવડના અકસ્માત મોતમાં મનપા સિટી બસના ડ્રાઈવર સામે ફરિયાદ

વાપી: તા.9-6-26 ના રોજ વાપીના કરવડ ગામ, ગેટ નજીક, વાપીથી નાનાપોંઢા જતાં માર્ગ પર પૂરઝડપે દોડી રહેલી મનપાની સિટી બસની અડફેટે બાઈકચાલક શૈલેષ વેલજીભાઈ બુહા તથા રિપલ લહાણુભાઈ દાપટનું ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતાં. અકસ્માત સર્જનાર સિટી બસના ચાલક અરવિંદ રામાભાઈ ગાવિત (ઉં.વ.27, રહે., પીપલપાડા, તા.ધરમપુર) સામે પ્રફુલકુમાર મૂળજીભાઈ બુહા (ઉં.વ.46, રહે. ગુંજન-વાપી, મૂળ જૂનાગઢ)એ વાપી ટ્રાફિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.




## 'ધૂમ મચા લે' ભારે પડી, કપરાડામાં 22 બાઈક જપ્ત

**અકસ્માતો** વધતાં કપરાડા પોલીસની રફ્તાર બાઈકરો સામે કાર્યવાહી

વલસાડ: કપરાડા તાલુકામાં વધી રહેલા અકસ્માતો અને તેમાં વિશેષ કરી બાઈકચાલકોના વધતા અકસ્માતો સામે કપરાડા પોલીસ મથકના પી.આઈ. ડી.એન.વાંઝા અને સ્ટાફ દ્વારા વિશેષ ડ્રાઈવ ચલાવી માત્ર બે દિવસમાં હાઈસ્પીડ બાઈક ચલાવી અન્ય વાહન ચાલકોની જિંદગી જોખમમાં મૂકવા મુદ્દે 22 બાઈક ડિટેઈન કરી દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, કપરાડા તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી માર્ગ અકસ્માતોની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. બાઈક અકસ્માતોમાં અનેક યુવાનો અકસ્માતનો ભોગ બન્યા છે. જેમાં કેટલાકે પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. હાઈસ્પીડમાં વાહન ચલાવવાની ટેવ, ટ્રાફિક નિયમો પ્રત્યેની બેદરકારી અને કેટલાક કિસ્સાઓમાં નશાની હાલતમાં વાહન ચલાવવું અકસ્માતોના મુખ્ય કારણો બની રહ્યા છે.

## વલસાડમાં બંધ ઘરમાંથી રૂ.૪.૪૫ લાખની ચોરી

**સોના-ચાંદીના** દાગીના, મોંઘી ઘડિયાળો અને રોકડ રકમ લઈ તસ્કરો છૂ

વલસાડ: વલસાડના અબ્રામા વિસ્તારમાં આવેલા એક બંધ રો-હાઉસને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો સોના-ચાંદીના દાગીના, મોંઘી કાંડા ઘડિયાળો અને રોકડ રકમ મળી કુલ રૂ.૪,૪૫,૭૧૬ મત્તાની ચોરી કરી નાસી છૂટ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વલસાડના અબ્રામા સ્થિત ઈસાન પાર્ક રો-હાઉસમાં રહેતા અને ગુંદલાવ GIDCમાં ફેક્ટરી ધરાવતા બિનય રામચંદ્ર જહાં ગત ૭ જૂનના રોજ સાંજે પોતાના પરિવાર સાથે સેલવાસ આવેલા બીજા ઘરે ગયા હતાં. તે દરમિયાન તેમનું વલસાડનું રો-હાઉસ બંધ હતું. ગઈકાલે ૯ જૂનના રોજ સવારે જ્યારે તેઓ પરત ફર્યા ત્યારે ઘરના મુખ્ય દરવાજાનું લોક તૂટેલું જોવા મળ્યું હતું. ઘરમાં અંદર જઈને તપાસ કરતા તમામ સામાન વેરવિખેર પડ્યો હતો અને બેડરૂમના કબાટના ડ્રોવરમાં રાખેલી સામગ્રી ગાયબ હતી. તસ્કરો કબાટમાંથી આશરે ૩૫૦ ગ્રામના ૫ સિલ્વર કોઈ, ૩ જોડી સિલ્વર પાયલ, ૫ સોનાની લેડીઝ રીંગ, ૨ સોનાની જેન્ટ્સ ડાયમંડ રીંગ, ૧ સોનાનું મંગળસૂત્ર, ૧ સોનાની ચેઈન તેમજ રૂ.૪૦,૦૦૦ની કિંમતની ૪ નંગ કાંડા ઘડિયાળો અને રૂ.૧,૨૦,૦૦૦ની રોકડા રૂપિયાની ચોરી કરી ગયા છે. સમગ્ર ઘટના અંગે વલસાડ પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.

### સરીગામમાં નવી બસોના પ્રસ્થાન સમયે

## વિરોધ પક્ષના નેતાએ 'લીલી ઝંડી' બતાવતા ભાજપીઓ 'લાલઘૂમ'

**વિભાગના** અધિકારીએ ભૂલ થઈ હોવાનું સ્વીકારી જાહેરમાં માફી માંગી




ઉમરગામ: એસટી વિભાગ દ્વારા ઉમરગામ તાલુકામાં નવી બસો શરૂ કરવામાં આવી છે. મંગળવારે સરીગામ ખાતે ઉમરગામ તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા રાકેશ રાય અને અપક્ષ ચૂંટાયેલા સભ્યો અને એમની ટીમ દ્વારા લીલી ઝંડી બતાવી બે એસટી બસને પ્રસ્થાન કરાવ્યું હતું. આ વાતને લઈને એસટી વિભાગના અધિકારી સામે ભાજપમાં ભારે નારાજગી આવી ગઈ હતી.

બુધવારે ઉમરગામના મરોલી ખાતે ઇન્ટરસિટી એસટી બસ સેવા મરોલીથી માણેકપુર થઈ ખતલવાડા થઈ સંજાણ રૂટની બસ સેવાનો પ્રારંભ કરવાના પ્રસંગ ઉપસ્થિત ધારાસભ્ય રમણભાઈ પાટકર, ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડોક્ટર નિરવ શાહ, ઉમરગામ તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ સહિત ભાજપના હોદ્દેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તે વખતે એસટી વિભાગના અધિકારી ધનસુખભાઈ પટેલે જાહેરમાં માફી માંગતા જણાવ્યું હતું કે સરીગામ ભીલાડ અને દમણ સુધીની બસ સેવાનો આરંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં ભાજપના હોદ્દેદારો ચૂંટાયેલા પદાધિકારીઓને બોલાવવાની જરૂર હતી, જાણ કરવાની જરૂર હતી પરંતુ બોલાવવાનું રહી ગયું હોય, આ બાબતે દુઃખ વ્યક્ત કરી માફી માંગી લીધી હતી.

## વાપીમાં નજીવી બાબતે મારામારી કરનાર સામે ફરિયાદ

વાપી: વાપી ગીતાનગર, ટાંકી ફળિયામાં અમનસીંગ સુનિલસીંગ ઠાકુર (ઉં.વ.32) રહે છે. ગત તા.19-4-26 ના રોજ મિત્ર અમનસીંગ સાથે દમણ ગયા હતા અને રાત્રિના અગિયારેક વાગ્યાની આસપાસ વાપી ફર્યા હતા. ત્યારે બિલ્ડિંગ આગળ પાનના ગલ્લા પાસે માવો લેવા ગયા ત્યારે બિલ્ડિંગમાં રહેતો તરૂણ રમેશચંદ્ર યાદવ તેના મિત્ર સાથે બેસેલો હતો અને તેણે બોલાચાલી કરી હતી અને તેણે લાફો મારી ઝપાઝપી કરી હતી. જે બાદ ગભરાઈ ગયેલા અમનસીંગે પેન્ટના ખિસ્સામાં રાખેલા ચપ્પુથી તરુણ યાદવને મારી દીધું હતુ અને તે ઈજાગ્રસ્ત થયો હતો. આ ઝઘડાનું કારણ એક વર્ષ પહેલાં પાર્કિંગ બાબતે બોલાચાલી થઈ હતી. મારામારી કરનાર તરુણ રમેશચંદ્ર યાદવ (રહે., ગીતાનગર, વાપી) સામે વાપી ટાઉન પોલીસ મથકમાં અમનસીંગે ફરિયાદ નોંધાવી હતી.